નં.અજાક/મ/ ૫/૨૦૧૪/ ૪૯૯૩ - ૫૨૫૮
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨,ડૉ.જીવરાજમહેતાભવન,
ફોનનં.૫૪૧૭૯,૫૩૨૪૦,ફેકસનં.૫૩૨૪૪
ગુજરાત રાજય, ગાંધીનગર.
તા.૦૨/૦૯/૨૦૧૪

પ્રતિ
કલેકટરશ્રી,
જિ. .............................. (તમામ)

વિષય- અનુ.જાતિના લોકો માટે હરિજન તથા અનુ.જનજાતિના લોકો માટે ગિરીજન જેવા શબ્દોનો ઉપયોગ ન કરવા બાબત

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,,ગાંધીનગરના તા.૧૨/૧/૯૯ ના પરિપત્રથી રેકર્ડમાં જયાં " હરિજન " શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં તેના સ્થાને " અનુ.જાતિ " શબ્દનો ઉપયોગ કરવો તેમજ પરિપત્ર ક્રમાંકઃ અજપ/૧૦૯૩/મુ/મં-૬૦/હ, તા.૫/૯/૯૮થી જયાં " ભંગી " શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં " વાલ્મીકી " શબ્દનો ઉપયોગ કરવો તેવી સૂચનાઓ આપવામાં આવેલ છે. સદરહુ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા જિલ્લાના સંબંધિત અધિકારીશ્રીઓને તથા તલાટી કમ મંત્રીશ્રીઓ, શાળા/કોલેજોને જરૂરી સૂચનાઓ આપવા માટે તમામ કલેકટરશ્રી,/જિલ્લા વિકાસ અધિકારીશ્રી,/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આ કચેરીના પત્ર નં. અજાક/મ/૫/૨૦૧૦/૮૭૫૪ થી ૮૮૮૪, તા.૧૮/૯/૨૦૧૦થી જણાવવામાં આવેલ છે.

સરકારશ્રીની ઉપરોકત સૂચનાઓનો અમલ કરવા માટે આ કચેરી તરફથી જણાવવા છતાં રાજયના કેટલાક જિલ્લાઓમાં જિલ્લાના સરકારી અધિકારીશ્રીઓ દ્વારા આ સૂચનાઓનો અમલ નહિ થતો હોવાનું અનુભવે જણાયું છે.જે ખૂબ જ ગંભીર બાબત છે.

આપના અધ્યક્ષપણા હેઠળ દર માસે મળતી જિલ્લા સંકલન સમિતિ તથા જિલ્લા ફરિયાદ સમિતિમાં પણ આ બાબતે સંબંધિત અધિકારીશ્રીઓનું ધ્યાન દોરી સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,,ગાંધીનગરના તા.૧૨/૧/૯૯ના પરિપત્રથી રેકર્ડમાં જયાં " હરિજન " શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં તેના સ્થાને " અનુ.જાતિ " શબ્દનો ઉપયોગ કરવો તેમજ પરિપત્ર ક્રમાંકઃ અજપ/૧૦૯૩/મુ/મં-૬૦/હ, તા.૫/૯/૯૮થી જયાં " ભંગી " શબ્દ પ્રયોજાયેલ હોય ત્યાં " વાલ્મીકી " શબ્દનો ઉપયોગ કરવો તેવી આપેલ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવા આપના જિલ્લાના સંબંધિત અધિકારીશ્રીઓને તથા તલાટી કમ મંત્રીશ્રીઓ, શાળા/કોલેજોને આપશ્રીની કક્ષાએથી જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

બિડાણઃ ઉપર મુજબ

નિયામક
અનુસૂચિતજાતિ કલ્યાણ
ગુજરાત રાજય ,ગાંધીનગર

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
ક્રમાંકઃ–માવિ.૧/પરીપત્ર/૨૦૧૮/ ૩૮૦૫૯ - ૧૬૯
તારીખ ૨૬/૭/૨૦૧૮

૨/–નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,(તમામ)
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા.

નકલ રવાના જાણ સારૂઃ–પ્રમુખશ્રી,બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન,સત્કાર બિલ્ડીંગ,બીજોમાળ,કોઝી ટાવર પાછળ,ઢુંઢીયાવાડી, પાલનપુર, જી.બ.કાં.